# તાલાલા સરકારી કોલેજ ખાતે SSIP અંતર્ગત વિશ્વ ઉદ્યોગ સાહસિકતા દિવસની ઉજવણી

સરકારી વિનયન અને વાણીજ્ય કોલેજ તાલાલા ગીરમાં તારીખ -૨૧-૦૮-૨૦૨૩ના રોજ સપ્તધારા અને એસ.એસ.આઇ.પી અંતર્ગત વિશ્વ ઉદ્યોગ સાહસિકતા દિવસની ઉજવણી આચાર્યશ્રી ડેનીસ ડી. લાડાણી સાહેબના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી. જેમાં SSIP કો ઓર્ડીનેટર ડૉ. ધર્મેશ પી. વાવૈયા સાહેબ દ્વારા પીપીટીના માધ્યમથી આગળના સમયમાં નવી સર્જનાત્મક શક્તિનો પ્રયોગ કરી કેવી રીતે ઇનોવેશન દ્વારા આપણે સ્વરોજગારી અને સાથે ભવિષ્યમાં તમે બીજા માટે કેવી રીતે રોજગાર દાતા બની શકાય તે વિશે વિવિધ ઉદાહરણો રજૂ કરી વિદ્યાર્થીઓને સરળ ભાષામાં માહિતી આપી હતી. કાર્યક્રમની શરૂઆતમાં SSIP કો-ઓર્ડીનેટર ડૉ. ધર્મેશ પી. વાવૈયા સાહેબ દ્વારા શાબ્દિક અને પુષ્પગુચ્છથી મહેમાનનું સ્વાગત કર્યું હતું. ત્યાર બાદ તાલાલા-સાસણ રોડ સુધી એક ભવ્ય રેલીનું આયોજન કરી વિદ્યાર્થીઓ તેમજ નગરજનો માં ઔધ્યયોગિક સાહસિકતાની સમજ તેમજ મહત્વને ઉજાગર કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન SSIP કો-ઓર્ડીનેટર ડૉ. ધર્મેશ પી. વાવૈયા અને સપ્તધારા કો-ઓર્ડીનેટર ડૉ યોગેશ વી. પંડયા દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમમાં કોલેજના સર્વે સ્ટાફ મિત્રો હાજર રહ્યા હતા.








